# Day to Day Current Affairs

## ૧. ઓક્ટોબર ૨૦૧૫

### ૧. INS કોચી નૌકદળમાં સામેલ :

- દેશમાં નિર્મિત સૌથી મોટા અને શક્તિશાળી યુધ્ધ જહાજ INS કોચી નૌકાદળમં સામેલ.

- INS કોચી 30 સપ્ટેમ્બર 2015 ના રોજ સંરક્ષણ પ્રધાન મનોહર પારિકરના હસ્તે નૌસેનમાં સામેલ કરાયું.

- INS કોચી કોલકતા કેટેગરીનું બીજુ 'ગાઇડેડ મિસાઇલ ડિસ્ટ્રોથર' યુધ્ધ જહાજ છે.

- 7500 ટન ડિસ્પ્લેસમેન્ટ ક્ષમતાનું આ જહાજ મુબંઇના મઝગાંવ ડોક્યાર્ડ પર બનાવામાં આવ્યું છે.

- INS કોચી 3300 દરિયાઇ માઇલ વિસ્તારની પેટ્રોલિંગ કરવા સક્ષમ છે.

- મારક ક્ષમતા : 300 કી.મી.

- ખર્ચ : 3 હજાર કરોડ

- જહાજ 164 મીટર લાંબુ અને 17 મીટર ઉંડુ છે.

- રડાર પકડમાંન આવી શકતા આ જહાજ પર લગભગ 40 અધિકારી અને 350 કર્મચારી અને 350 કર્મચારી રહી શકશે.

- આ જહાજ સાથે અન્ય ત્રણ હાઇસ્પીડ પેટ્રોલીંગ નૌકા નેવીમાં સામેલ કરવામાં આવી હતી.

### ૨. આઠમી એશિયન ચેમ્પિયનશીપ :

- તાજેતરમાં નવી દિલ્હી ખાતે યોજાયેલ દસ મીટર એરગન આઠમી એશિયન ચેમ્પિયનશીપમાં ભારતની શૂટર હીના સિધુએ ગોલ્ડમેડલ મેળવ્યો, જ્યારે શ્વેતાસિંહ સિલ્વર મેડ્લ જીત્યો હતો.

- આ સાથે ભારતે ચાર દિવસ ચાલેલી આ ચેમ્પિયનશીપમાં કુલ 19 મેડલ જીત્યા હતા.

### ૩. ગ્લોબલ કોમ્પિટિટીવ ઇન્ડેક્સ :

- તાજેતરમાં વર્લ્ડ ઇકોનોમિક ફોરમ દ્વારા જારી કરાયેલ ગ્લોબલ કોમ્પિટિટીવ ઇન્ડેક્સ (વૈશ્વિક પ્રતિસ્પર્ધા સૂચકાંક) માં ભારત 55 માં ક્રમે છે.

- કોઇપણ દેશની સરકાર પોતાના દેશના નાગરીકોને ઉચ્ચ સ્તરીય સમૃધ્ધિ ઉપલબ્ધ કરાવામાં કેટલી સક્ષમ છે તેને ધ્યાનમા રાખીને આ ઈન્ડેક્સ તૈયાર કરવામાં આવે છે.

- 140 દેશની આ યાદીમાં સ્વિત્ઝલેંન્ડ, સિંગાપુર અને અમેરિકા અનુક્રમે પ્રથમ, દ્વિતિય અને તૃતિય સ્થાન પર છે. ગત વર્ષ 144 દેશની યાદીમાં ભારત 71માં સ્થાને હતું.

### ૪. વિનસ વિલિયમ્સ - ટેનિસ :

- અમેરિકાની ટેનિસ ખેલાડી વિનસ વિલિયમ્સે તાજેતરમાં તેની કારકીર્દીની 700મી જીત નોંધાવી.

- ચીનમાં યોજાઇ રહેલી વુહાન ઓપનમાં તેને આ સિધ્ધી નોંધાવી હતી.

- વિનસ આ સિધ્ધિ મેળવનાર ટેનિસ જગતની નવમી મહિલા બની.

### ૫. સ્ટુઅર્ટ બ્રોડ : ક્રિકેટર

- ઝડપી બોલર સ્ટુઅર્ટ બ્રોડને ઇંગ્લેન્ડના સર્વશ્રેષ્ઠ ટેસ્ટ પ્લેયર ઓફ ધ યરના એવોર્ડથી સન્માનીત કરવામાં આવ્યો.

Vivekanand Academy, Gandhinagar